# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2024** **Evening : 7.50 to 8.00**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---------------------------------------------------------

- ✓ નવી રચાયેલી એનડીએ સરકારનાં અનેક કેન્દ્રીય મંત્રીઓએ પોતાનાં પદભાર સંભાળ્યા
- ✓ ઓડિશાના મુખ્યમંત્રી પદ માટે મોહન માંઝીની પસંદગી - રાજ્યમાં બે નાયબ મુખ્યમંત્રીઓની પણ પસંદગી
- ✓ આંધ્રપ્રદેશ વિધાનસભામાં એનડીએના નેતા તરીકે ચંદ્રબાબુ નાયડુ સર્વાનુમતે ચૂંટાયા - આવતી કાલે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે
- ✓ આગામી શૈક્ષણિક સત્રથી યુનિવર્સિટી તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની યુજીસીની મંજૂરી
- ✓ ફુટબોલમાં, આજે દોહામાં ફિફા વિશ્વકપ 2026 AFC ક્વોલિફાયર્સમાં ભારતીય પુરુષોની ટીમ વર્તમાન એશિયન ચેમ્પિયન્સ કતારનો સામનો કરશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MINISTERS TAKES CHARGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળનાં મંત્રીમંડળમાં સામેલ અનેક પ્રધાનોએ આજે પોતપોતાના મંત્રાલયનો પદભાર સંભાળ્યો હતો. આજે પદભાર સંભાળનારા અગ્રણી મંત્રીઓમાં ગૃહ અને સહકારિતા મંત્રી અમિતશાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડો. એસ જયશંકર અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજૂનો સમાવેશ થાય છે.

અશ્વિની વૈષ્ણવે રેલવે, માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન અને માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજૂએ શ્રી વૈષ્ણવનું સ્વાગત કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EVE ODISHA-NEW CM

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા મોહન ચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બનશે. બે કેન્દ્રીય નિરીક્ષકો રાજનાથ સિંહ અને ભુપેન્દ્ર યાદવની હાજરીમાં ભાજપ વિધાનસભા પક્ષે 52 વર્ષના માઝીને સર્વાનુમતે ચૂંટી કાઢ્યા હતા.

મોહન ચરણ માઝી કેઓન્ઝાર બેઠક પરથી ચાર વાર ચૂંટાયેલા ધારાસભ્ય છે. તેઓ વર્ષ 2000, 2004, 2019 અને 2024માં ઓડિશા વિધાનસભામાં ચૂંટાયા છે.

ભાજપે રાજ્યમાં બે નાયબ મુખ્યમંત્રીઓ કનક વર્ધન સિંઘ દેવ અને પ્રાવતી પરિદાની નિયુક્તિ કરવાનો પણ નિર્ણય લીધો છે. શ્રી સિંઘ દેવ ભૂતપુર્વ મંત્રી છે અને પટનાગઢ બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે શ્રીમતી પરિદા નિમપાડા બેઠક પર પ્રથમ વાર ચૂંટાઈ આવ્યા છે.

પદનામિત મુખ્યમંત્રી માઝી આજે સાંજે રાજ્યપાલ રઘુબર દાસને મળીને સરકાર રચવાનો દાવો કરે તેવી સંભાવના છે. તેઓ આવતી કાલે મુખ્યમંત્રી પદનાં શપથ લે તેવી શક્યતા છે.

ભુતપુર્વ મુખ્યમંત્રી નવીન પટનાઇકની આગેવાની હેઠળની બીજેડીને હરાવ્યા બાદ ભાજપ રાજ્યમાં પ્રથમ વાર સરકાર રચવા જઈ રહી છે.

. . . . . . . . . . . . . . . . . .

## ANDHRA PRADESH-CHANDRABABU NAIDU

આંધ્રપ્રદેશ વિધાનસભામાં એનડીએ નેતા તરીકે ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુને ચૂંટવામાં આવ્યા છે. આજે વિજયવાડામાં તેલુગુ દેસમ પાર્ટી, જનસેના અને ભાજપના ધારાસભ્યોની મળેલી બેઠકમાં ધારાસભ્યોએ સર્વાનુમતે

નાયડુને નેતા તરીકે ચૂંટી કાઢ્યા છે. શ્રી નાયડુ આવતી કાલે રાજ્યના મુખ્યમંત્રીપદે શપથ લેશે. જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણે એનડીએનાં નેતા તરીકે ચંદ્રબાબુ નાયડુનાં નામની દરખાસ્ત રજૂ કરી હતી, જેને એનડીએનાં તમામ ધારાસભ્યોએ સર્વાનુમતે ટેકો આપ્યો હતો.

દરમિયાન, જનસેના પક્ષના ધારાસભ્યોએ વિધાનસભા ગૃહમાં પોતાના પક્ષના નેતા તરીકે પવન કલ્યાણને ચૂંટી કાઢ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## Rahul. Raebareli Aabhar Sabha

કોંગ્રેસના નેતા અને રાયબરેલીના સાંસદ રાહુલ ગાંધી તથા પક્ષના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે રાયબરેલીમાં આભાર સભાને સંબોધન કર્યું હતું.

અમેઠી અને રાયબરેલી બેઠકો પર વિજય બદલ લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, લોકોએ હિંસા, જૂઠ્ઠાણું અને અભિમાન વિરુધ્ધ મત આપ્યો છે. ભાજપનાં નેતાઓ બંધારણ બદલવાની વાત કરતા હતા પણ લોકોએ તેમને બંધારણ સમક્ષ માથું નમાવવા ફરજ પાડી છે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે ઉત્તરપ્રદેશનાં તમામ 403 જિલ્લામાં આજથી ધન્યવાદ યાત્રા શરૂ કરી છે, જે 15 જૂન સુધી ચાલશે.

. . . . . . . . . . . . . . . . . .

## UGC - BIANNUAL ADMISSIONS

યુજીસીએ આગામી શૈક્ષણિક સત્રથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની મંજૂરી આપી છે. હાલમાં, યુજીસીનાં નિયમ પ્રમાણે વર્ષમાં માત્ર એક જ સત્રમાં પ્રવેશ આપી શકાય છે. હવેથી જાન્યુઆરી, ફેબ્રુઆરી, જુલાઇ અને ઓગસ્ટમાં પ્રવેશ આપવામાં આવશે.

યુજીસીના ચેરમેન પ્રોફેસર એમ જગદેશકુમારે જણાવ્યું છે કે, આ નિર્ણયથી બોર્ડ પરિણામોમાં વિલંબ, આરોગ્યને લગતી સમસ્યા કે અંગત કારણોસર પ્રવેશ ન લઈ શકતા અનેક વિદ્યાર્થીઓને લાભ થશે.

તેમણે જણાવ્યું કે, વર્ષમાં બે વાર પ્રવેશની મંજૂરીને કારણે વિદ્યાર્થીઓને રાહત મળશે કારણ કે કોઈ કારણસર પ્રવેશ નહીં મળવાથી તેમને આખુ વર્ષ રાહ નહીં જોવી પડે.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## J&K: JAMMU-MATA VAISHNO DEVI

શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડ યાત્રાળુઓની સુવિધા માટે 18 જુનથી જમ્મુથી સાંઝી છતની હેલિકોપ્ટર સેવા શરૂ કરશે. અમારા જમ્મુ પ્રતિનિધિએ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અંશુલ ગર્ગને ટાંકીને જણાવ્યું છે કે, શ્રાઇન બોર્ડ બે પ્રકારનાં પેકેજ શરૂ કરશે.

એક દિવસમાં પાછા આવવાના 35 હજાર રૂપિયા અને બીજા દિવસે પાછા આવવાના 50 હજાર રૂપિયા રાખવામાં આવ્યા છે. એક દિવસમાં પાછા આવવાના પેકેજમાં યાત્રાળુઓને પંછી હેલિપેડ પહોંચ્યા બાદ ભવન સુધીની બેટરી કાર સેવા, વિશેષ દર્શનની સ્લિપ, પ્રસાદ, ભૈરોં મંદિર ખાતે દર્શન માટે કેબલ કારની ટિકિટ, પંછી હેલિપેડ જવા બેટરી કાર સેવા તથા ત્યાંથી જમ્મુ એરપોર્ટ પરત જવા હેલિકોપ્ટર સેવાનો સમાવેશ થાય છે. જ્યારે બીજા દિવસે પાછા આવવાના પેકેજમાં ઉપરની તમામ સુવિધાઓ ઉપરાંત ભવન ખાતે રહેવાની સુવિધા અને ‘અટકા આરતી’નો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . .

## Pulwama LET Arrest

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં બે વિસ્ફોટક સામગ્રી મળી આવવાના કેસમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ સક્રિય સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, ૩ જૂનના રોજ એન્કાઉન્ટર દરમિયાન એલઈટી કમાન્ડર રિયાઝ ડાર અને તેના સહયોગી રઈસ ડારની હત્યા પછી વધુ તપાસ દરમિયાન, પોલીસે માર્યા ગયેલા આતંકવાદીઓના સક્રિય કાર્યકરોના નેટવર્કમાંથી વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.લગભગ છ કિલોગ્રામ વજન ધરાવતું વિસ્ફોટક ઉપકરણ એક દિવસ પછી નાશ પામ્યું હતું.

અધિકારીએ કહ્યું કે, માર્યા ગયેલા આતંકવાદીઓને આશ્રય અને માળખાકીય સુવિધા પૂરી પાડવા બદલ ત્રણ સક્રિય સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

## Tax Devolution to states

કેન્દ્ર સરકારે ચાલુ મહિના માટે 28 રાજ્યોને રૂપિયા એક લાખ 39 હજાર સાત 750 કરોડ રૂપિયાની રકમ જારી કરી છે. નાણા મંત્રાલયે જણાવ્યું છે કે, આ રકમ રાજ્યોને વિકાસ અને મૂડી ખર્ચમાં વધારો કરવામાં મદદરૂપ નીવડશે.

સૌથી વધુ 25 હજાર કરોડ રૂપિયા ઉત્તરપ્રદેશને ફાળવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને 4 હજાર 860 કરોડ 56 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

2024-25ના વચગાળાના બજેટમાં રાજ્યોને હસ્તાંતરણ માટે 12 લાખ કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

નાણા મંત્રાલયે જણાવ્યું છે કે, આ હપ્તા સાથે કેન્દ્રએ 10 જૂન, 2024 સુધી રાજ્યોને બે લાખ 89 હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ આપી છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને કરની આવકનાં પ્રમાણમાં આ ફાળવણી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . .

# PM Yog

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને નિયમિત યોગાભ્યાસ કરવા આહ્વાન કર્યું છે. તેમણે તેમનાં 'એક્સ' હેન્ડલ પોસ્ટ પર યોગના મહત્વ વિશે ચર્ચા કરી છે. તેમણે

લખ્યું હતું કે, "જેમ જેમ યોગ દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ હું વિડિયોનો એક સેટ શેર કરી રહ્યો છું, જે વિવિધ આસનો અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપશે. હું આશા રાખું છું કે, યોગ દિવસ તમને નિયમિત રીતે યોગાસન કરવા માટે પ્રેરિત કરશે.

ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 21મી જૂને ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . .

## MANIPUR CENTRAL TEAM

મણિપુરના સેનાપતિ જિલ્લામાં ચક્રવાત રેમલને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આજે કેન્દ્રીય આંતર-મંત્રાલયની ટીમે વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. તેમણે નદીના પટ, પુલો, આંતર ગામ રોડ, પાણીની પાઈપલાઈનને અચાનક પૂરના કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે અસરગ્રસ્ત ખેતીની જમીનો અને નદી કિનારાની પણ મુલાકાત લીધી હતી. આ કુદરતી આફતોથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ટીમે ગઈકાલે થોબલ અને બિષ્ણુપુર જિલ્લાની મુલાકાત લીધી હતી.

----------

# Football

ફુટબોલમાં, આજે દોહામાં ફિફા વિશ્વકપ 2026 AFC ક્વોલિફાયર્સમાં ભારતીય પુરુષોની ટીમ વર્તમાન એશિયન ચેમ્પિયન્સ કતારનો સામનો કરશે. ભારતીય સમય પ્રમાણે રાત્રે સવા નવ વાગે મેચ શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ માટે ઉત્તરપ્રદેશ, હરિયાણા અને દિલ્હી સહિત પૂર્વ અને ઉત્તર પૂર્વ ભારતનાં કેટલાંક ભાગોમાં ભીષણ ગરમીનાં મોજાં માટેનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આકાશવાણી સાથેની વાતચીતમાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર આર કે જેનામણીએ જણાવ્યું છે કે, ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળશે.

. . . . . . . . . . . . . . . . . .

# Sikkim Pro Tem Sikkim

સિક્કિમના રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ ગંગટોકમાં રાજભવન ખાતે સંજીત ખરેલને રાજ્ય વિધાનસભાના વચગાળાના અધ્યક્ષ પદનાં શપથ લેવડાવ્યા હતા.

વચગાળાના અધ્યક્ષ તરીકે શ્રી ખરેલ સિક્કિમની 11મી વિધાનસભાનાં પ્રારંભિક સત્રનું પ્રમુખપદ સંભાળશે, જેમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ લેવડાવવામાં આવશે. શ્રી આચાર્યની શપથવિધીમાં મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ, મુખ્ય સચિવ ઉપરાંત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .